॥ ૐ ॥

॥ તસ્ય વાચકઃ પ્રણવઃ ॥

# ગુરુકૃપાને લઘુકૃપા ન બનાવી દઈએ!

(તા.૧૮-૫-૨૦૦૧ના રોજ લાલગેબી આશ્રમ, હાથીજણમાં, પૂજ્ય મુક્તાબાની પુણ્યતિથી નિમિત્તે રખાયેલ યજ્ઞમાં, પૂજ્ય શ્રી યોગભિક્ષુજીએ જે આશીર્વચન આપેલાં તેનો ટૂંક સાર)

ઘણાં વર્ષે બે ગુરુભાઈઓ મળ્યા. એક કહે કે હું ખૂબ સુખી છું, મારા પર સંપૂર્ણ ગુરુકૃપા છે. એ સાંભળીને બીજો કહે કે પણ અમારા ઉપર ગુરુકૃપા ક્યારે થશે?

ખરેખર બંને સુખી હતા પણ એક પાસે ગુરુકૃપા જોવાની દૃષ્ટિ હતી અને બીજા પાસે એવી દૃષ્ટિ નહોતી. તેથી તેને એ પ્રશ્ન થતો હતો કે અમારા ઉપર ગુરુકૃપા ક્યારે થશે?

લોકોએ ગુરુકૃપાની વ્યાખ્યા કેટલી બધી છીછરી અને સસ્તી બનાવી દીધી છે! ગુરુકૃપાને પણ ભૌતિક કામનાઓ પૂર્ણ કરવાનું એક સાધન જ માની લીધું છે!

પરમ ગુરુ તો માત્ર પરમાત્મા એક જ છે કે જેમનું મુખ્ય નામ ઓમ્ છે. જેમના દ્વારા આપણને આવું ગૂઢ જ્ઞાન પ્રાપ્ત થાય છે તેમને પણ આપણે ગુરુ-સદ્‌ગુરુ કહીએ છીએ. ગુરુકૃપા થાય ત્યારે જીવ, જગત અને જગદીશ્વર વગેરે બધું સાચા સ્વરૂપે સમજાય. "શરીરધારીને સુખદુઃખ તો વત્તાઓછા પ્રમાણમાં અનિવાર્યપણે આવવાનાં જ, સુખદુઃખને સમાન ભાવે ભોગવવાનો પ્રયત્ન કરવો જોઈએ." આવું બધું જ્ઞાન પ્રાપ્ત થાય અને તેનું જીવનમાં આચરણ કરી શકાય તો તેને ગુરુકૃપા થઈ કહેવાય.

જેમ કૂતરાને બે બટકાં રોટલી નાંખીએ એટલે તે પૂંછડી પટપટાવવા લાગે છે અને તેને બે બટકાં ન મળે તો ડાઉ-ડાઉ કરીને ભસવા લાગે છે તેમ સામાન્ય મનુષ્યને થોડીક ભૌતિક સુખ-સગવડ પ્રાપ્ત થાય એટલે તે આનંદથી ઊછળી-ઊછળીને કહેવા લાગે છે કે મારા ઉપર પૂર્ણ ગુરુકૃપા થઈ; અને તેનાં થોડાંક સુખ-સગવડ નાશ પામે છે, કે જે સુખ-સગવડ હોય તે ખૂબ વધે નહીં તો તે કહેવા લાગે છે કે મારા ઉપર ગુરુકૃપા નથી, ક્યારે થશે?

ગુરુકૃપા દ્વારા શું આપણે બે બટકાં રોટલી જ મેળવવી છે? તે તો આપણે આપણા પોતાના પ્રયત્નથી મેળવી જ રહ્યા છીએ; તે તો પશુ-પક્ષીઓને પણ મળે જ છે. આપણે તો એવું અમૂલ્ય કાંઈક મેળવવું છે જે આપણે જન્મો સુધી પ્રયત્ન કરીએ તોપણ મેળવી શકતા નથી. પુનઃ પુનઃ શરીર ધારણ ન કરવું પડે એવું અણમોલ જ્ઞાન ગુરુસંતો પાસેથી મેળવવાનું છે અને તેમની છત્રછાયામાં રહી તે જ્ઞાનનું આચરણ કરીને જન્મ-મરણની મહા જંજાળમાંથી હંમેશા માટે મુક્ત થઈ જવાનું છે, મોક્ષ-મુક્તિ-કૈવલ્ય પ્રાપ્ત કરી લેવાનું છે.

ગમે તેટલાં સુખ-સગવડ પ્રાપ્ત હશે તોપણ શરીરધારીને દુઃખો તો આવવાનાં જ. માતાના ગર્ભમાં પ્રવેશથી માંડીને મૃત્યુ સુધીની સ્થિતિને સૂક્ષ્મ રીતે જો અવલોકી જઈએ તો જરૂર ખ્યાલ આવશે કે કેટલાં બધાં પ્રલયંકારી દુઃખોમાંથી જીવને પસાર થવું પડે છે. એ બધાં દુઃખો, ત્રાસો, વિટંબણાઓનો; પરિતાપો, ધર્મસંકટો, ઊથલપાથલોનો અને આસમાની-સુલતાનીઓનો ચિતાર જો આપણાં કલ્પાનચક્ષુ સમક્ષ ખડો કરી શકીએ - જોઈ શકીએ તો તરત ધ્રૂજી જઈએ - મૂર્છિત થઈ જઈએ. એ અગણિત અનંત દુઃખોના દરિયામાંથી, રૌ-રૌ નર્કમાંથી કાયમી છુટકારો પ્રાપ્ત કરવા માટે, સનાતન સુખને મેળવવા માટે મોક્ષ એક જ પરમ સાધન છે. મોક્ષ એટલે શરીર જ ધારણ ન કરવું પડે તેવી સ્થિતિ. જો શરીર ધારણ કરીએ તો સુખ-દુઃખ, એ તેના ધર્મો તો સાથે આવવાનાં જ. બધાં જ સુખોની પ્રતિક્રિયા દુઃખ છે. માત્ર મોક્ષ જ એક એવું સુખ છે કે જેની પ્રતિક્રિયા જ નથી. આવી પ્રતિક્રિયા વગરના સુખને પ્રાપ્ત કરવાની યુક્તિ-પ્રયુક્તિઓ પ્રાપ્ત થાય અને તે મુજબ આચરણ કરવા લાગીએ તેને કહેવાય ગુરુકૃપા પ્રાપ્ત થઈ.

ગુરુકૃપા દ્વારા સાર-અસારના, નિત્ય-અનિત્યના વિવેકને યથાર્થરૂપે સમજીએ. કામ, ક્રોધ, મદ, લોભ, મોહ, મત્સર વગેરેને તો આપણે સમજીએ જ છીએ, તે તો આપણામાં રુંવાડે-રુંવાડે વ્યાપેલા છે જ છે. તે બધાથી પર થઈ જવા માટે ગુરુકૃપાની જરૂર છે. મનુષ્ય-પ્રયત્નની હદની બહારનું જે છે તેને પ્રાપ્ત કરવા માટે ગુરુકૃપાની આવશ્યકતા છે.

ભારતના વડાપ્રધાન આવીને કહે કે મારો એક દિવસ હું તમને આપું છું, તમારે મારી પાસેથી જે કાંઈ કામ લેવું હોય તે લ્યો. આપણે વિચારીએ કે મારે રોજ ઘર સાફ કરવાનું, રાંધવાનું, કપડાં ધોવાનું વગેરે કામ કરવું પડે છે, તો તે બધું કામ વડાપ્રધાનને સોંપું તો એક દિવસ તો આરામ મળે. તેથી તે કામ તેમને સોંપ્યું. તેમણે તે કર્યું. દિવસ પૂરો થયો અને તેઓ ચાલ્યા ગયા. પછી આપણી એની એ જ હાલત, ઘાણીના બળદ જેવી. વડાપ્રધાન તો એવું અને એટલું આપી શકે તેટલા શક્તિશાળી હતા કે જેથી આપણા કાયમનાં મહેનત-મજૂરી છૂટી જાત. પણ આપણે તો કંચનના બદલે કાચ માંગ્યો તો વડાપ્રધાન શું કરે? આપણે પણ ગુરુકૃપા દ્વારા વાસનાઓ-કામનાઓ રૂપી કાચ જ માંગીએ તો ગુરુકૃપા શું કરે?

સત્યનારાયણની કથામાં આવે છે કે સાધુ-વાણીયો અઢળક ધન કમાઈને વહાણમાં પોતાના દેશ આવતો હતો. ત્યાં અધવચ્ચે જ તેના વહાણમાં એક સંત પ્રગટ થયા અને પૂછવા લાગ્યા કે તારા વહાણમાં શું ભર્યું છે? વાણીયો ધનના કેફમાં છકી ગયો હતો તેથી તે એટલો પણ વિચાર ન કરી શક્યો કે દરિયાની અધવચ્ચે વહાણમાં કોણ પ્રગટ થઈ શકે? તેથી તેણે ઉડાઉ જવાબ આપ્યો કે મારા વહાણમાં તો ફક્ત વેલા અને પાંદડાં જ ભર્યાં છે. સંતરૂપે પ્રગટ થયેલા ભગવાને કહ્યું કે તથાસ્તુ, અર્થાત્ તેમ થાઓ. તેથી વહાણમાં જે કાંઈ હતું તે બધું વેલા-પાંદડાંમાં ફેરવાઈ ગયું. આમ, મનુષ્ય પણ અવારનવાર મૂર્ખાઈ કરતો હોય છે. બધી સુખસગવડ હોવા છતાંય ગુરુકૃપા નથી, ગુરુકૃપા નથી તેમ કહ્યા કરે છે. પછી ગુરુકૃપા કહેશે કે તથાસ્તુ, તો? મનુષ્યે થોડુંક તો બુદ્ધિશાળી થવું જોઈએ ને?

ગુરુકૃપા એટલે લઘુકૃપા નહીં; ભારે કૃપા, મહત્ત્વની કૃપા, પરમ કૃપા. પરમ કૃપા કોણ કરી શકે? કે જે પરમ હોય તે. પરમાત્મા પરમ છે. પાતંજલ યોગદર્શનમાં કહ્યું છે કે -

(૧) ક્લેશ, કર્મ, કર્માશય વગેરે જેમાં નથી તેવું વિશિષ્ટ ચૈતન્ય ઈશ્વર છે. (૨) ઈશ્વર સંપૂર્ણ સર્વજ્ઞ છે. (૩) ઈશ્વર ત્રિકાલીન ગુરુઓના પણ ગુરુ છે. (૪) ઈશ્વરનું નામ પ્રણવ-ઓમ્ છે. (૫) ઓમ્‌મંત્રનો જપ અર્થની ભાવના સાથે કરવો. (૬) તેથી ચૈતન્યનો સ્વાનુભવ અને અંતરાયોનો અભાવ થાય છે.

આવી આવી સાચી, ગૂઢ, રહસ્યમયી, કલ્યાણદાયી તારનારી વાતો અને સમજણોને; આપણને ખૂબ પ્રેમથી જેઓ સમજાવે છે તેમને પણ આપણે ગુરુ કહીએ છીએ, ગુરુ માનીએ છીએ, માનવા જ જોઈએ.

આપણી બેદરકારીના કારણે "ગુરુ", લઘુ ન બની જાય અને "ગુરુકૃપા", લઘુકૃપા ન બની જાય તે માટે સાવધાન રહીએ.

હે પરમગુરુ પ્રણવપરમાત્મા, આજે ગુરુપૂર્ણિમાના પરમપવિત્ર દિવસે અમારી આપને પ્રાર્થના છે કે અમે સૌ ગુરુકૃપાને **ગુરુકૃપા** તરીકે જ સમજી શકીએ તેવી કૃપા કરશો.

કદાચ આપણને એવો વિચાર આવે કે મોક્ષમાં તો શરીર જ ન હોય, તો પછી સુખનો અનુભવ શાનાથી થાય? આ પ્રશ્નનો જવાબ તો આપણને રોજ મળી જાય છે. રાત્રે સ્વપ્નમાં આપણે કેવા કેવા અલૌકિક અનુભવો કરીએ છીએ? તે વખતે સ્થૂળ શરીર તો પથારીમાં પડ્યું હોય છે તોય બધા વિષયોના અનુભવ થાય છે! જાગૃત અવસ્થામાં જે અનુભવ ન કરી શકીએ તેવા ઊડવા વગેરેના અનુભવો પણ સ્વપ્નમાં થાય છે. આ સ્વપ્નમાં થતા અનુભવો વખતે શરીર કે ઇન્દ્રિયો કોઈ જ સક્રિય હોતાં નથી તોય થાય છે. તો મોક્ષાવસ્થામાં સુખના, આનંદના અનુભવો કેમ ન થાય? મોક્ષ, સ્વપ્ન કરતાં ઘણી ઊંચી, અલૌકિક, દિવ્ય અવસ્થા છે.

**– યોગભિક્ષુ**

પ્રકાશક : ઓમગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ, ૩/બી, પલિયડનગર, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. (Guj.-India)